# નવરાત્રિમાં સાયબર ઠગોની 'પાસ' જાળ

**પાસની નકલી લિંક, QR કોડ અથવા ઓનલાઇન બુકિંગથી થતી ઓફર**

**અજાણી APK ફાઇલ મોબાઇલમાં ઇન્સ્ટોલ કરવાથી ફોનને સુરક્ષા જોખમ**

**સસ્તા પાસ, ડિસ્કાઉન્ટની લાલચથી દૂર રહેવા નવસારી પોલીસની અપીલ**




નવસારીઃ નવરાત્રિ મહોત્સવને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગરબા આયોજનો માટે ઓનલાઈન પાસની માંગ વધી રહી છે. આ જ તકનો લાભ લઈ સાયબર ઠગો ખેલૈયાઓને સસ્તા પાસ, ડિસ્કાઉન્ટ અને ખાસ ઓફરના નામે નિશાન બનાવે તેવી શક્યતાને પગલે નવસારી સાયબર ક્રાઈમ પોલીસે નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. સાયબર ક્રાઈમ પીઆઈ ઉમંગ મોદીના જણાવ્યા મુજબ, સોશિયલ મીડિયા અને વોટ્સએપ મારફતે નકલી ગરબા પાસની લિંક, QR કોડ અથવા ઓનલાઈન બુકિંગની ઓફર મોકલી લોકોને પેમેન્ટ કરવા માટે પ્રેરિત કરવામાં આવી શકે છે. પેમેન્ટ કર્યા બાદ પાસ ન મળવો અથવા સ્થળ પર પાસ અમાન્ય ઠરવા ઉપરાંત નાણાકીય છેતરપિંડીનો ભોગ બનવાની શક્યતા રહે છે.

### ઠગાઈની નવી પદ્ધતિઓ

**નકલી લિંક અને QR કોડઃ** સોશિયલ મીડિયા અને વોટ્સએપ મારફતે નકલી ગરબા પાસની લિંક, QR કોડ અથવા ઓનલાઇન બુકિંગની ઓફર મોકલી લોકોને પેમેન્ટ કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

**છેતરપિંડીનું જોખમઃ** પેમેન્ટ કર્યા બાદ પાસ ન મળવો અથવા સ્થળ પર પાસ અમાન્ય ઠરવા ઉપરાંત નાણાકીય ફ્રોડનો ભોગ બનવાની પૂરી શક્યતા રહે છે.

**ખતરનાક APK ફાઈલ્સઃ** ગરબા પાસ કે ડિસ્કાઉન્ટના નામે વોટ્સએપ પર મળતી અજાણી APK ફાઈલ મોબાઇલમાં ઇન્સ્ટોલ કરવાથી ફોનની સુરક્ષા જોખમમાં મુકાય છે. પરિણામે વોટ્સએપ, UPI અને નેટબેન્કિંગ જેવી સંવેદનશીલ માહિતી ચોરાઈ શકે છે

### નવસારી પોલીસનું 'ઇ-ત્રિશુલ' સુરક્ષા કવચ

નવસારી પોલીસે ખાસ 'ઇ-ત્રિશૂલ' મોબાઇલ સિક્યુરિટી એપ ઉપલબ્ધ કરાવી છે.
આ એપની મદદથી મોબાઇલમાં ઇન્સ્ટોલ કરાયેલી એપ્લિકેશનો શંકાસ્પદ છે કે નહીં તેની તપાસ કરી શકાય છે.
ઉપરાંત, ઓનલાઇન લિંક અને QR કોડની પણ ચકાસણી આસાનીથી કરી શકાય છે.

## ચલાના બંગલામાં મિસ્ત્રીની ગળું કપાયેલી હાલતમાં લાશ મળી

વાપીઃ વાપીના ચલા મુક્તાનંદ માર્ગ પર પ્રમુખ સહજ દ્વારા બનાવવામાં આવી રહેલા બંગલાઓ પૈકી એક બંગલામાં ફર્નિચરનું કામકાજ ચાલી રહ્યું હતું. જે કામ કરવા માટે આકાશ ખીલવાન નિશાદ (ઉં.વ.32, રહે., ગીતાનગર, વાપી) આવ્યો હતો. ગત તા.30-9-2026 ના રોજ સવારના સમયે તેનું ગળું કપાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. જે અંગે વાપી ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે. ફર્નિચરના કામ માટેનું કટર મશીન અકસ્માતે છટકવાથી ગળાના ભાગે લાગી જવાથી ગળું કપાયું હોવાનું પ્રાથમિક તારણ કાઢવામાં આવ્યું છે.

## પાણીપુરી વેચતા શખ્સના ઘરમાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો

**દમણ** પોલીસે રાજસ્થાનના ચિત્તોડગઢથી 2ની ધરપકડ કરી, એક આરોપી 6 મહિના પહેલાં દુકાનમાં કામ કરી ચૂક્યો હતો

દમણઃ સંઘપ્રદેશ દમણના કુંભારવાડમાં રહેતા અને પાણીપુરીના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિના ઘરે થયેલી રૂપિયા 8.47 લાખની ચોરીમાં દમણ પોલીસે રાજસ્થાનના ચિત્તોડગઢથી 2 આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, નાની દમણના કુંભારવાડમાં રહેતા ફરિયાદી 22 સપ્ટેમ્બરે પોતાની પાણીપુરીની દુકાને પરિવાર સાથે ગયા હતા. રાત્રે જ્યારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે ઘરમાં 8થી 10 લાખ રૂપિયા ભરેલી દુકાનના વકરાની લોખંડની પેટીની ચોરી થઈ ગઈ હતી. પોલીસે વિવિધ વિસ્તારના સી.સી.ટીવી કેમેરાની તપાસ કરતાં ઘરના વિસ્તારમાં શંકાસ્પદ રીતે 2 શખ્સ જોવા મળ્યા હતા. આ શખ્સો પ્યારેલાલ ભીલ ઉર્ફે રાજુ (ઉં.વ20) અને કિશનલાલ ભીલ ઉર્ફે રાહુલ (ઉં.વ.19, બન્ને રહે., રાજસમંદ, રાજસ્થાન)ના હોવાનું સામે આવતા પોલીસની એક ટીમ રાજસ્થાનના ચિત્તોડગઢ જઈ બન્નેને ઝડપી પાડી ચોરેલી રકમ 8.47 લાખ રૂપિયા કબ્જે કરી બન્ને આરોપીઓને દમણ લાવી કોર્ટમાં હાજર કરતાં કોર્ટે આરોપીઓની પોલીસ કસ્ટડી સોંપી હતી. તપાસ દરમ્યાન પોલીસને જાણવા મળ્યું કે, આ કામના ચોરો પૈકી એક ચોર અગાઉ ફરિયાદીની દુકાનમાં 6 મહિના પહેલાં કામ કરી ચૂક્યો હતો અને તેને રહેઠાણ અને દુકાનની રોજની આવક અંગે વ્યવસ્થિત જાણકારી હતી. હાલ તો પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

## વાપીના છીરીમાં પત્નીના ગળા ઉપર પતિનો ચપ્પુથી હુમલો

**પતિ** ફરાર, 18 વર્ષીય પરિણીતા હોસ્પિટલમાં સારવાર હેઠળ

વાપીઃ વાપીના છીરી વિસ્તારમાં રહેતી 18 વર્ષીય પરિણીતાને તેના પતિએ પારડીના તિઘરા ગામે ચપ્પુથી ગળાના ભાગે હુમલો કર્યાનો વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. જ્યારે બુધવારે વાપીના છરવાડામાં બુધવારે પતિએ પત્નીના ગળા ઉપર ચપ્પુ મારી હત્યા નિપજાવી હતી. ચાર વર્ષથી અલગ રહેતા આ પતિ-પત્નીનો વાપી કોર્ટમાં કેસ ચાલતો હોય તેની અદાવત રાખી પતિએ મોતને ઘાટ ઉતારી હતી. બ્યુટીપાર્લર ચલાવતી પત્નીની જાહેરમાં જે રીતે તેના પતિએ હત્યા કરી નાખી તેના કારણે આ બનાવ ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે. સતત બે દિવસમાં બનેલી આ ઘટનાઓએ મહિલાઓની સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે અનેક સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, બુધવારે રાત્રે પારડી તાલુકાના તિઘરા ખાતે વાપીના છીરી વિસ્તારમાં રહેતી 18 વર્ષીય પરિણીત મહિલા પર તેના પતિએ કથિત રીતે ચપ્પુ વડે ગળાના ભાગે હુમલો કર્યો હતો. હુમલા બાદ આરોપી પતિ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલી મહિલાને તાત્કાલિક સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવની જાણ થતાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. જોકે અંગે હજી ગુનો નોંધાયો નથી.

## ઉમરગામના ઝરોલીના વેપારી સાથે રૂ.78 હજારની ઓનલાઈન ઠગાઈ

ઉમરગામઃ ઉમરગામના ઝરોલીના એક વેપારી સાથે ઓનલાઇન રૂ.78,240ની ઠગાઈ થઈ હતી. ઝરોલીના કાપડીપાડામાં રહેતા અને ટ્રાન્સપોર્ટનું કામ કરતાં શૈલેષભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિને અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો અને હું મિશ્રા બોલું છું મારો ભાઈ બીમાર છે અને સુરત હોસ્પિટલમાં એડમિટ છે, નેટવર્ક ઈસ્યુના કારણે ફોન પે ગૂગલ પે ચાલતું નથી. હું તમારા એકાઉન્ટમાં પૈસા જમા કરાવું છું અને QR કોડ મોકલું છું, તેમ કહી પોતાની વાતમાં ભોળવી શૈલેષભાઈ પાસેથી ઓનલાઈન રૂપિયા 78,240 પડાવી લઈ છેતરપિંડી સાઈબર ફ્રોડ કર્યો હતો. આ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## પેન્ડિંગ જન્મ-મરણની અરજીઓનો નિકાલ કરો

**ઉમરગામ** બાર એસોસિએશનની મામલતદારને રજૂઆત

ઉમરગામઃ ઉમરગામ બાર એસોસિએશન દ્વારા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને રજૂઆતમાં આવી છે કે આપની કચેરીમાં સને 2023-24, 2024-25 અને 2025-26 ના વર્ષની ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે, તે અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની સત્તાની રૂએ ચલાવવી નિર્ણય કરવાની રહે છે. જે અરજીઓ દાખલ કર્યા પછી પેન્ડિંગ છે. કેન્દ્ર દ્વારા તારીખ 6 ઓગસ્ટ 2026 ના રોજ ગેજેટ પ્રસિદ્ધ થયો છે અને તારીખ 1-10-2026થી નવી બે વર્ષ સુધીની જન્મ અને મરણ નોંધની અંગેની અરજી તે જે વિસ્તારના કાર્યપાલક મેજિસ્ટ્રેટ, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને ડિસ્ટ્રીક મેજિસ્ટ્રેટને કરવા અંગેનો સુધારો આવ્યો છે જ્યારે બે વર્ષથી વધુ સમય માટે જન્મ અને મરણ નોંધણી અંગેની અરજી જે તે વિસ્તારના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબને કરવાની રહે છે.

પરંતુ અગાઉની અરજીઓ પેન્ડિંગ એટલે કે ઈનજ્યુંરીડીક્સ અરજીઓ છે તે અંગેની કોઈ ગાઈડલાઈન ભારત સરકારે પબ્લિસ કરેલી ગાઈડલાઈનમાં જણાતી નથી. સને 2023 ના BNS અને BNSS કાયદા અમલમાં આવેલ છે જેથી અગાઉ પેન્ડિંગ IPC અને CRPC એક્ટ મુજબ કેસ એબોલીસ થયેલ નથી જે અંગેના કેસોની હાલે પણ ઈન્સાફી કાર્યવાહી ચાલુ જ છે જેથી આપ સાહેબની કોર્ટમાં પેન્ડિંગ તમામ અરજીઓની સુનાવણી કરી નિર્ણય કરવા રજૂઆત કરી હતી.

## ધરમપુરમાં ટ્રકની અડફેટે મોપેડ સવાર આધેડનું મોત

ધરમપુરઃ ધરમપુરમાં ટ્રકની અડફેટે મોપેડ સવાર 60 વર્ષીય આધેડનું મોત નીપજ્યું હતું. બુધવારની સાંજે શૈલેષભાઈ ઝીણાભાઈ માહલા (ઉં.આ.60 રહે., બિલપુડી, ડેરી ફળિયા) એક્સેસ મોપેડ (નં. GJ 15 EB 2826) લઈને નાનાપોંઢાથી ધરમપુર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન મોહનગઢ ખાતે એચ.પી. પેટ્રોલ પંપની સામે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવેલા ટાટા ટ્રક (નં. HR 73 B 5797)ના ચાલકે તેમની મોપેડને પાછળથી ટક્કર મારી હતી. ટ્રકની ટક્કરથી શૈલેષભાઈ રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. ધરમપુર પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સ્માર્ટ વીજ મીટર લગાવવા ગયેલા કર્મીઓ પર હુમલો

**વલસાડમાં** દુકાનદારો સાથે બોલાચાલી બાદ મારામારી, પોલીસ ફરિયાદની તજવીજ

વલસાડઃ સમગ્ર રાજ્ય સહિત વલસાડમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા લગાવવામાં આવી રહેલા સ્માર્ટ મીટરનો વિરોધ યથાવત્ રહ્યો છે, ત્યારે આજે વલસાડમાં એક ગંભીર ઘટના સામે આવી છે. જેમાં સ્માર્ટ મીટર લગાવવા આવેલા કર્મીઓ પર હુમલો થવાની ઘટના બની છે.

ધરમપુર રોડ પર આવેલી ધરમપુર ચોકડી નજીકના એક શોપિંગ કોમ્પ્લેક્સમાં DGVCLનો સ્ટાફ નિયમ મુજબ સ્માર્ટ મીટર લગાવવા માટે પહોંચ્યો હતો. જોકે, ત્યાંના સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોએ નવા મીટર લગાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ બાબતે વીજ કંપનીના અધિકારીઓ અને દુકાનદારો વચ્ચે જોતજોતામાં તકરાર વધી ગઈ હતી અને ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હતો.

વીજ કર્મચારીઓ સાથે થયેલી આ ઝપાઝપી અને મારામારીની ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ બાદ મોડી સાંજે DGVCLના અધિકારીઓ વલસાડ સીટી પોલીસ મથકે પહોંચ્યા હતા અને ફરજમાં રુકાવટ તેમજ મારામારી કરનાર દુકાનદારો વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

## દિવસી ગામે ખેડૂતના ઘર નજીક દીપડાએ વાછરડાનું મારણ કર્યું

વલસાડઃ કપરાડા તાલુકાના દિવસી ખાતે ખેડૂતના ઘર નજીક ત્રાટકેલા દીપડાએ વાછરડાનું મારણ કરતાં ખેડૂત ચિંતામાં પડવા સાથે પંથકમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. બે દિવસ અગાઉ પણ માલઘરમાં દીપડાએ બળદનું મારણ કર્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, દિવસી ગામના ખેડૂત અમૃતભાઈ માહદુભાઈ જાદવ સહિત પરિવાર બુધવારે મોડી રાત્રે ઘરમાં સૂતા હતાં. તે સમયે આવી પહોચેલા દીપડાએ પળવારમાં વાછરડાનો શિકાર કર્યો હતો.

સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, વાછરડાનો શિકાર કર્યા બાદ દીપડાએ મરઘાનો પણ શિકાર કર્યો હતો. ઘટનાની જાણ વન વિભાગને થતા વન વિભાગના કર્મચારીઓ આવી પહોંચી તપાસ હાથ ધરી હતી.

## વલસાડમાં બેફામ કાર દુકાનમાં ઘુસાડી દેનાર મેડિકલ સંચાલકની ધરપકડ

**આરોપી** શિવા દેસાઈ જામીન પર મુક્ત થયો

વલસાડઃ વલસાડ સિટી પોલીસ મથકની હદમાં ગાંધી લાયબ્રેરી સામે સ્ટેડિયમ રોડ પર રવિવારે મોડી રાત્રે આશરે ૧૨:૫૦ વાગ્યાના અરસામાં એક લાલ અને કાળા કલરની સ્વિફ્ટ કાર (નંબર GJ-15-CQ-4443) ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રાજા પરફ્યુમરી સ્ટોરના શટરમાં અથડાવી દીધું હતું. બનાવ બાદ કારચાલક વાહન ત્યાં જ છોડીને નાસી છૂટ્યો હતો. પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદ નોંધી તપાસ આગળ ધપાવતા પોલીસે વાહનના આધારે બેચર રોડ પર આવેલી એક હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર ચલાવતો શિવા દેસાઈની ઓળખ થઈ હતી. પોલીસે તેને ઝડપી પાડી તેની ધરપકડ કરી હતી. જોકે જામીનપાત્ર ગુનો હોવાથી આરોપી શિવા દેસાઈ બાદમાં જામીન પર મુક્ત થયો હતો. પોલીસે આ મામલે આગળની તપાસ ચાલુ રાખી છે.

## ધરમપુરમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં મહિલા સહિત બેનાં મોત

ધરમપુરઃ ધરમપુર તાલુકામાં 30 સપ્ટેમ્બરના રોજ બનેલા બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં મહિલા સહિત બેનાં મોત નીપજ્યા હતા. મોટી ઢોલડુંગરી ગામના દુકાન ફળિયા નજીક કરંજવેરીથી વડપાડા તરફ જતાં રોડ પર હર્ષભાઈ મુકેશભાઈ પવાર (રહે., ખટાણા, પવાર ફળિયા, ધરમપુર)એ નંબર વગરની બાઈક પૂરઝડપે હંકારી હિતેશભાઈ રમેશભાઈ પટેલની મોટરસાઈકલ (નં. GJ 15 K 9146)ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં હિતેશભાઈની પત્ની આશાબેન પટેલ (ઉં.વ.35, રહે., મોટી ઢોલડુંગરી)ને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બીજા બનાવમાં ધરમપુરના મોહનગઢમાં એચ.પી. પેટ્રોલ પંપની સામે હરિયાણાના મલોખરા ગામના આરીફ મુદ્દીનએ ચલાવેલી ટાટા ટ્રક (નં. HR 73 B 5797) એ શૈલેષભાઈ ઝીણાભાઈ માહલા (ઉં.આ. 60, રહે., બિલપુડી, ડેરી ફળિયા)ની મોપેડ (નં. GJ 15 EB 2826)ને અડફેટે લેતાં ગંભીર ઈજાને પગલે તેમનું મોત નીપજ્યું હતું.

## એક માસમાં આપણું વાપી એકદમ સ્વચ્છ અને સુંદર બની જશેઃ કનુભાઈ



વાપીઃ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અન્વયે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી મનપા દ્વારા વાપી ટાઉનના હનુમાન મંદિર વિસ્તાર અને ખડકલાના હનુમાન મંદિરના વિસ્તારમાં શ્રમદાન (સફાઈ) કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સૌ સાથે મળીને સફાઈ અભિયાનમાં જોડાશું તો આગામી એક માસમાં દિવાળી સુધીમાં આપણુ વાપી એકદમ સ્વચ્છ અને સુંદર બની જશે એવો વિશ્વાસ છે. આ સફાઈ અભિયાનમાં વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતીશ પટેલ, મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા કિરણસિંહ રાણા, શિલ્પેશ દેસાઈ સહિતના અધિકારી અને પદાધિકારીઓએ જોડાયા હતા.

## મતદાર યાદી સુધારણા માટે વલસાડમાં ખાસ ઝુંબેશ યોજાશે

**ઓક્ટોબર** અને નવેમ્બરમાં ચાર રવિવારે કામગીરી હાથ ધરાશે

વલસાડઃ ગુજરાત રાજ્યમાં મતદારયાદી સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો, નવશિક્ષિત યુવાનો અને પ્રથમ વખત મતદાર તરીકે લાયક બનતા ૧૮થી ૧૯ વર્ષના યુવાઓના નામ નોંધાવવા માટે સમગ્ર રાજ્યમાં ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત ઓક્ટોબર અને નવેમ્બર માસના નિયત રવિવારોમાં સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી વિશેષ કામગીરી હાથ ધરવામાં આવશે. ખાસ ઝુંબેશના દિવસો તા.૧૧ ઓક્ટોબર, તા.૧૮ ઓક્ટોબર, તા. ૨૫ ઓક્ટોબર, તા. ૦૧ નવેમ્બર છે. આ દિવસો દરમિયાન જિલ્લાના તમામ મતદાન મથકો પર બુથ લેવલ અધિકારીઓ (BLO) જરૂરી ફોર્મ સાથે ઉપસ્થિત રહેશે અને મતદારયાદી સંબંધિત હકદાવા તેમજ વાંધા અરજીઓ સ્વીકારશે.

## સંક્ષિપ્ત સમાચાર

### પીંજરા ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના 4.95 લાખના કોપર વાયર ચોરાયા

બીલીમોરાઃ ગણદેવી નવા પીંજરા ગામે બુલેટ ટ્રેન પ્રોજેકટનાં પાવર હાઉસમાંથી રૂ.૪.૯૫ લાખના કોપર વાયરની ચોરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. પ્રાપ્ત વિગત મુજબ, L&T કંપનીના પ્રોજેક્ટ EW1 અંતર્ગત આવેલા TSS-06 પાવર હાઉસના કમ્પાઉન્ડની દીવાલ પર લગાવેલી તાર ફેન્સિંગ કાપીને અજાણ્યા તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. તસ્કરો પરિસરમાંથી આશરે ૧૦૨૧ મીટર જેટલા વિવિધ પ્રકારના કોપર વાયર, જેની અંદાજિત કિંમત રૂ.૪,૯૫,૨૦૦ થાય છે, તે ચોરી કરી નાસી છૂટ્યા હતા. ગણદેવી પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો તથા ડોગ સ્ક્વોડની મદદ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

### પારડી રોહિણાથી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

પારડીઃ વલસાડ એલસીબીએ પારડી તાલુકાના રોહિણા કોળીવાડ ફળિયામાં વોચ ગોઠવી શંકાસ્પદ સ્વિફ્ટ કાર (નં.DN-09-K-0296) ઝડપી પાડી હતી. કારમાંથી દારૂની બોટલો નંગ 1440 જેની કિં. રૂ.2.57 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર, મોબાઇલ સહિત કુલ રૂ.5.62 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઘટના સ્થળેથી ગુનલ ઉર્ફે નાનકું અરવિંદભાઈ પટેલ (રહે., અંબાચ તા. પારડી) ની અટકાયત કરવામાં આવી છે, જયારે દારૂનો જથ્થો મંગાવનાર પારડી વાઘછીપાનો ભાવેશ નામના ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

### અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર પર આરોગ્ય કેમ્પનું આયોજન



વલસાડઃ અતુલમાં આવેલ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરમાં જનરલ મેડિકલ કેમ્પ તેમજ આંખની તપાસ માટે વિશેષ કેમ્પનું આયોજન અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ (ARDF) અને RNC Hospital, Valsadના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન તબીબો દ્વારા ઉપસ્થિત લોકોની સામાન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમજ આંખના નિષ્ણાત તબીબો દ્વારા આંખોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

### પારડીના કિલ્લા પર પાલિકા દ્વારા સ્વચ્છતા શ્રમદાન અભિયાન




પારડીઃ સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત આજરોજ ઐતિહાસિક પારડી કિલ્લા ઉપર 'સ્વચ્છતા શ્રમદાન'- એક દિન, એક કલાક, એક સાથે અભિયાનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માર્ગદર્શન મુજબ પ્રમુખ ચેતન નાયકા, ચીફ ઓફિસર કોમલબેન, કારોબારી ચેરમેન ચેતન ભંડારી, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, સેનેટરી ઇન્સ્પેક્ટર મેહુલ પરમાર, સીટી મેનેજર ભૂમિ પટેલ, મેઘાબેન ભાવસાર, જાગૃતિબેન શાહ, સુપરવાઈઝર પંકજ ગરણીયા તેમની સફાઈ કર્મચારીઓ ટીમ સાથે હાજર રહી સફાઈ કામગીરી હાથ ધરી હતી.

### વલસાડ પાલિકાની સિંગલ યૂઝ પ્લાસ્ટિક સામે દંડાત્મક કાર્યવાહી



વલસાડઃ વલસાડ નગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય શાખાની ટીમ દ્વારા તપાસ દરમિયાન જનતા આઈસ્ક્રીમ પાર્લર પર દરોડો/રેડ પાડવામાં આવી હતી. જ્યાંથી વિપુલ પ્રમાણમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. નિયમભંગ બદલ નગરપાલિકાની ટીમ દ્વારા સ્થળ પર જ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન અંદાજે ૮થી ૧૦ કિલો જેટલો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

### કોટેજ હોસ્પિટલ વાંસદા ખાતે રક્તદાન શિબિર યોજાઈ




વાંસદાઃ કોટેજ હોસ્પિટલ વાંસદા ખાતે 'સેવા મારો યોગદાન' કાર્યક્રમના ભાગરૂપે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 18 યુનિટ રક્ત અકત્રિત થયું હતું. શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ડો. લોચન શાસ્ત્રી, વીરલભાઈ વ્યાસ, પ્રદ્યુમનસિંહ સોલંકી, કોટેજ હોસ્પિટલના અધ્યક્ષ ડો.મોહિનીબેન, મિત્તુલ ભાવસાર સહિત કોટેજ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ લોકોને રક્તદાન કરવા અપીલ કરી હતી.

### ખેરગામના વાડ ગામે આયુષ મેગા કેમ્પ યોજાયો



ખેરગામઃ જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લા પંચાયત સ્વભંડોળ ગ્રાન્ટ અને વાડ ગ્રામ પંચાયતના સહયોગથી વાડ મુખ્ય શાળામાં 'મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન-સારવાર કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ પ્રમુખ લીતેશભાઈ, સરપંચ અંજલીબેન, જિ.પં. સભ્ય હેતલબેન આહિર, તા.પં. ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ, ખેરગામ તા. કારોબારી અધ્યક્ષ જીજ્ઞાબેન પટેલ, ખેરગામ તાલુકા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પૂર્વેશભાઈ ખાંડાવાલા, તા.પં. સભ્ય ચેતન પટેલ સહિત અનેક મહાનુભાવોની સક્રિય ઉપસ્થિતિમાં કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. આ મેગા આયુષ કેમ્પનો કુલ ૩૦૯ ગ્રામજનોએ બહોળો લાભ લીધો હતો.